BUSINESS मित्र Plus

પરફેક્ટ એન્ટ્રીનો ભ્રમ : રોકાણ કરવામાં થતો વિલંબ સરવાળે વધુ મોંઘો પડી શકે

જે કોઈપણ રોકાણકારે ક્યારેય એકસાથે મોટી રકમ રોકવાનો વિચાર કર્યો છે, તેણે એક જ પ્રશ્ન પૂછ્યો છે: જો રોકાણ કર્યા પછી તરત જ માર્કેટ ઘટી જાય તો? તેથી પૈસા અટકી જાય છે. તે સેવિંગ્સ એકાઉન્ટ અથવા ફિક્સ્ડ ડિપોઝિટમાં પડ્યા રહે છે, જે રોકાણ માટે તૈયાર હોય છે, પણ એવી સુધારણાની રાહ જુએ છે જે પૂરતી સલામત લાગે. ઓલ-ટાઇમ હાઈ પર રહેલું માર્કેટ જોખમી લાગે છે. ઘટાડા પછીના માર્કેટ તેનાથી પણ ખરાબ લાગે છે. કોઈ પણ દિવસ એવો નથી હોતો જે રોકાણ માટે એકદમ યોગ્ય લાગે. પરંતુ ટોચ પર ખરીદી કરવી ખરેખર કેટલી મોંઘી છે? સૈદ્ધાંતિક રીતે નહીં, પરંતુ વાસ્તવિક, માપવામાં આવેલા, ૨૫ વર્ષના ડેટાના આધારે જોઈએ.

ઇતિહાસનો સૌથી કમનસીબ રોકાણકાર

કલ્પના કરો કે એક રોકાણકાર જેનું માર્કેટ ટાઇમિંગ અત્યંત ખરાબ છે. ૨૦૦૧ થી ૨૦૨૫ સુધી દર વર્ષે, આ રોકાણકારે BSE સેન્સેક્સમાં રૂ. ૧,૨૦,૦૦૦ નું રોકાણ કર્યું અને દર એક વર્ષે, આ પૈસા વાર્ષિક ટોચના ભાવે રોકાયા. સતત ૨૫ વર્ષ સુધી સૌથી ખરાબ દિવસે રોકાણ. કુલ રોકાણ: રૂ. ૩૦ લાખ.

પરિણામ: આશરે રૂ. ૧.૬૫ કરોડનું અંતિમ ફંડ, જે વાર્ષિક ૧૧.૯૫% ના દરે ચક્રવૃદ્ધિ થયું. સૌથી ખરાબ ટાઇમિંગનું મહત્વ મોટાભાગના રોકાણકારો વિચારે છે તેના કરતા ઘણું ઓછું સાબિત થયું.

સ્ત્રોત: BSE. સમયગાળો: જાન્યુઆરી ૨૦૦૧ થી ડિસેમ્બર ૨૦૨૫.

નોંધ: વાર્ષિક ટોચ એટલે દરેક કેલેન્ડર વર્ષમાં BSE સેન્સેક્સનું સૌથી ઊંચું દૈનિક ક્લોઝિંગ લેવલ. વળતરની ગણતરી CAGR (ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર) ના આધારે કરવામાં આવી છે. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહે અથવા ન પણ રહે.

ખરાબ ટાઇમિંગનો વાસ્તવિક ખર્ચ કેટલો હતો?

સમાન ૨૫ વર્ષ દરમિયાન ત્રણ રોકાણકારોની સરખામણી કરો, જેઓ દરેક વર્ષે BSE સેન્સેક્સમાં રૂ. ૧,૨૦,૦૦૦ નું રોકાણ કરે છે:

રોકાણકાર	ક્યારે રોકાણ કર્યું	CAGR
સૌથી કમનસીબ	દર વર્ષે વાર્ષિક ટોચના ભાવે	૧૧.૯૫%
શિસ્તબદ્ધ	દર મહિનાની ૧૦ તારીખે SIP	૧૩.૨૦%
સૌથી નસીબદાર	દર વર્ષે વાર્ષિક તળિયાના ભાવે	૧૪.૫૧%
સ્ત્રોત: BSE. સમયગાળો: જાન્યુઆરી ૨૦૦૧ થી ડિસેમ્બર ૨૦૨૫.		

સમાન સમયગાળા દરમિયાન, જે રોકાણકારે BSE સેન્સેક્સમાં સંપૂર્ણપણે એકસાથે રોકાણ જાળવી રાખ્યું હતું તેણે ૧૩.૦૭% CAGR ના આધારે કરવામાં આવી છે. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહે અથવા ન પણ રહે.

વેલ્થ ક્રિએશન
N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

પરફેક્ટ ટાઇમિંગ અને અત્યંત ખરાબ ટાઇમિંગ વચ્ચેનો તફાવત, જે સતત ૨૫ વર્ષ સુધી જળવાયેલો રહ્યો, તે વાર્ષિક માત્ર ૨.૫૬ ટકા પોઈન્ટનો છે. સૌથી નસીબદાર રોકાણકારે ૨૫ વર્ષ સુધી સતત ચોક્કસ માર્કેટ તળિયું ઓળખવું પડ્યું, જે કોઈ ફંડ મેનેજર, અર્થશાસ્ત્રી કે અલ્ગોરિધમે ક્યારેય પ્રાપ્ત કર્યું નથી. શિસ્તબદ્ધ SIP રોકાણકાર, જેણે ક્યારેય ટાઇમિંગ વિશે વિચાર્યું જ નહોતું, તે સૌથી ખરાબ ટાઇમિંગ કરતા પરફેક્ટ ટાઇમિંગની વધુ નજીક રહ્યો.

માર્કેટની બહાર રહેવાની સજા

અહીં એક અસ્વસ્થ સત્ય છે. **નોંધ:** "શ્રેષ્ઠ દિવસો" એટલે આ સમયગાળા દરમિયાન BSE સેન્સેક્સમાં સૌથી વધુ સિંગલ-ડે ટકાવારીનો વધારો ધરાવતા ૧૦ ટ્રેડિંગ સત્રો. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહે અથવા ન પણ રહે.

રોકાણકારો ઘટાડાથી બચવાની આશામાં માર્કેટની બહાર રહે છે, પરંતુ આમ કરીને તેઓ તે દિવસો ચૂકી જવાનું જોખમ લે છે જે લાંબા ગાળાના વળતરમાં અપ્રમાણસર હિસ્સો ધરાવે છે. માર્કેટ તેમને પુરસ્કાર નથી આપતું જેઓ તેમની એન્ટ્રીને પરફેક્ટ ટાઇમ કરે છે. તે તેમને પુરસ્કાર આપે છે જેઓ એટલા લાંબા સમય સુધી રોકાણ કરેલા રહે છે કે જ્યારે માર્કેટના શ્રેષ્ઠ દિવસો આવે ત્યારે તેઓ હાજર હોય.

રોકાણ કરવા માટે ઓલ-ટાઈમ હાઈ પર રહેલું માર્કેટ જોખમી લાગે છે. ઘટાડા પછીના માર્કેટ તેનાથી પણ ખરાબ લાગે છે. કોઈ પણ દિવસ એવો નથી હોતો જે રોકાણ માટે એકદમ યોગ્ય લાગે

વાસ્તવિક જોખમ માર્કેટ નથી

જો સૌથી ખરાબ પરિસ્થિતિમાં પણ સારું પરિણામ મળતું હોય, તો શા માટે ઘણા રોકાણકારો નિરાશાજનક વળતર મેળવે છે? જવાબ 'વર્તણૂક' છે. ઓક્ટોબર ૧૯૯૯ થી એપ્રિલ ૨૦૨૬ વચ્ચે, નિફ્ટી ૫૦ એ ૧૧.૫૪% CAGR આપ્યું. સરેરાશ ઇક્વિટી મેળવ્યું. માત્ર ૧૦ શ્રેષ્ઠ માર્કેટ દિવસો ચૂકી જવાથી તે ઘટીને ૯.૪૬% થઈ ગયું – જે ૩.૬૧ ટકા પોઈન્ટનો ઘટાડો છે. કેટલાક અસાધારણ દિવસો ચૂકી જવાની સજા, વર્ષો સુધી પરફેક્ટ એન્ટ્રી ટાઇમિંગ મેળવવાના સમગ્ર પુરસ્કાર કરતાં મોટી હતી.

સ્ત્રોત: BSE. એકસાથે રોકાણના આધારે. સમયગાળો: જાન્યુઆરી ૨૦૦૧ થી ડિસેમ્બર ૨૦૨૫.

આંકડા 'વર્તણૂક તફાવત' દર્શાવે છે અને તે ઇન્ડેક્સ વળતરની સામે રોકાણકારના વાસ્તવિક અનુભવના અંદાજો પર આધારિત છે. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહે અથવા ન પણ રહે.

વિરોધાભાસ આઘાતજનક છે. આપણા અભ્યાસમાં પરફેક્ટ અને સૌથી ખરાબ ટાઇમિંગ વચ્ચેનો તફાવત વાર્ષિક ૨.૫૬% હતો. માર્કેટ વળતર અને વાસ્તવિક રોકાણકારના વળતર વચ્ચેનો તફાવત લગભગ સમાન, ૨.૫% હતો. રોકાણકારોએ ઐતિહાસિક રીતે તેમની પોતાની વર્તણૂકને કારણે એટલું જ ગુમાવ્યું છે જેટલું તેઓ સૌથી ખરાબ ટાઇમિંગ નસીબને કારણે ગુમાવ્યું હોત.

રોકાણકારોએ શું શીખવું જોઈએ?

ટોચના રોકાણકારોનો ડર સામાન્ય રીતે તે દેખાય છે તેના કરતા ઓછો મહત્વનો હોય છે. રાહ જોવાનો ખર્ચ ઘણીવાર અપૂર્ણ ટાઇમિંગના ખર્ચ કરતા વધારે હોય છે. જેમ રોકાણનો સમયગાળો વધે છે, તેમ નુકસાનની શક્યતા ઘટે છે, પરિણામો વધુ અનુમાનિત બને છે, અને એન્ટ્રી ટાઇમિંગનું મહત્વ ઘટતું જાય છે. લાંબા ગાળાની સંપત્તિ નિર્માણ માટેનો સૌથી મોટો ખતરો ભાગ્યે જ માર્કેટ સુધારણા હોય છે, તે મુશ્કેલ સમયગાળા દરમિયાન વિલંબ કરવાની, અટકી જવાની અથવા સાચી અભિગમ છોડી દેવાની વૃત્તિ છે.

રોકાણ કરવા માટે કોઈ પણ દિવસ એવો નહીં હોય જે સંપૂર્ણપણે આરામદાયક લાગે. છેલ્લા ૨૫ વર્ષના પુરાવા સૂચવે છે કે રોકાણકારોને માર્કેટમાં પરફેક્ટ ટાઇમિંગ કરવાનો પ્રયાસ કરવા કરતા તેમાં સહભાગી થવા માટે ઘણું વધારે વળતર મળ્યું છે. પરફેક્ટ એન્ટ્રી પોઈન્ટ એક ભ્રમ છે. શરૂ કરવાની અને રોકાણ કરેલા રહેવાની શિસ્ત એ ભ્રમ નથી.

મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમોને આધીન છે, યોજના સંબંધિત તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

AI સેક્ટરમાં ડિપ કરેકશન- ઈરાન-યુક્રેન વોર વકરતા ક્રુડમાં ઉછાળો

ચીનની એઆઇ કંપની મુનશોટે કિફાયતી ભાવનું એઆઇ મોડેલ લોંચ કરતા એઆઇ સેક્ટરમાં ડિપ કરેકશન આવ્યું છે. મેમરી ચિપ્સમાં બેન્ચ માર્ક કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ ૨૫ ટકા તૂટતા કોરિયાઇ બજારનું માર્કેટ કેપ એક ટ્રિલિયન ડોલર ઘોવાઇ ગયું છે. કોરિયાના બે મેમરી જાયન્ટ એસ કે હાઇનીક્સ અને સામસંગના મૂલ્યમાં ટોચના ભાવથી ૩૦ ટકા તૂટયા છે. અમેરિકામાં સ્પેસ એક્સ આઇપીઓની ઓરા પણ ગાબડું પડયું છે. સ્પેસએક્સનું માર્કેટ કેપ એક ટ્રિલિયન ડોલર તૂટી ગયું છે. એઆઇ ફેન્સી ઓસરતા એનવીડીયાને પછાડી એપલ ફરી માર્કેટ કેપમાં ટોચની કંપની બની ગઇ છે. ગુગલ, માઇક્રોસોફ્ટ જેવા બીગ ટેક શેરોમાં પણ ઉછાળે વેચવાલી આવતા કરેકશન આવ્યું છે. ગલ્ફ અને બ્લેક સી બેઉ મોરચે વોર વકરતા નવેસરથી મેરીટાઇમ ડિસરપ્શન સપ્લાય ચેઇન ઇસ્યુ સર્જી શકે, એનર્જી

મોડેલ અમેરિકી એઆઇ મોડેલ કરતા ઘણા કિફાયતી અને કીર્ચ બવના જતા હોઇ અમેરિકી ઇલાઇટ એઆઇ કંપનીઓ માટે મોટો પડકાર બની ગયા છે. ડિપ સીક, મુનશોટ જેવી ચાઇનીઝ કંપનીઓ અમેરીકી-યુરોપની એઆઇ કંપનીઓ માટે મોટો પડકાર બની ચૂકી છે. કોડીંગ એફિસીયન્સીની સાથોસાથ જીઓપોલિટિકલડોમીનન્સ માટે એઆઇ પર માનવીય નિયંત્રણ હોવુ જોઇએ એમ કહીને જીનપિંગે ચીન એઆઇ મામલે અમેરિકા કે પશ્ચિમી સત્તાઓને એઆઇ રેસમાં ચીનની મહાત્વાકાંક્ષાઓ ખુલીને ઉજાગર કરી છે.

ઇરાન-અમેરિકા વચ્ચે લડાઇ ઉગ્ર

અલનીનોના પડકારથી તેલીબીયાં-ખાંડ-મસાલા બજારોમાં તોફાની તેજી

અને ક્રુડ સેક્ટરની મોંઘવારી વધતા વ્યાજદરો વધારો અને સ્ટેગફ્લેશનના પડકારો સર્જાય શકે. અલ નીનો, વોર, અમેરિકામાં નવેમ્બરમાં મીડ ટર્મ હોઇ પોલીટીકલ કલાયમેટ ગરમ બનતા આગામી ૩-૪ મહીના તોફાની અફડાતફડીના રહી શકે છે. ફેડ ફુગાવાને દાબી દેવા મક્કમ છે એટલે વ્યાજદરમાં ઘટાડાની શક્યતા નહીવત છે. વ્યાજદર વધારાની સંભાવના ઉભી છે. અમેરિકી શેરબજારોમાં તેજી હવે ઓવરસ્ટ્રેચડ દેખાય છે.

એશિયાઇ બજારોની વાત કરીએ તો ચીનમાં ગ્લોબલ એઆઇ કોન્ફરન્સમાં ચીનના પ્રમુખ શી જિનપિંગે ગ્લોબલ એઆઇ સેક્ટરમાં ચીનની લીડરશીપની વાત છેડવાની સાથોસાથ એઆઇ લીડરશીપ ઇલાઇટ લેબનો ઇજારો નહી પણ આમજનતાના હીતમાં ઇનકલુઝીવ હોવી જોઇએ એમ કહીને ગ્લોબલ સાઉથના સભ્યોને ઓપન એઆઇના મામલે સાથે મળીને કામ કરવાનું આહવાન કર્યું છે.

ચીનના ઘણા ખરા ઓપન એઆઇ બનતા અને અખાતમાં વોર વ્યાપક બને એવા એંધાણ વરતાય છે. ક્રુડમાં ૧૧૦ ડોલરથી ૬૬ ડોલર સુધીના કરેકશન પછી હવે બજાર તેજીના નવા તબક્કામાં ૧૧૦-૧૨૦ ડોલર ચાલુ વરસમાં ગમે ત્યારે થઇ જાય એવો માહોલ છે. યુક્રેને રશિયાના ઓઇલ ટેન્કરો તેમજ તેલ રિફાઇનરીઓ પર હુલા તેજ કરી દેતા અને વળતા જવાબમાં રશિયાએ યુક્રેનના પોર્ટ અને અનાજ વેરહાઉસ ટાર્ગેટ કરતા વૈશ્વિક સ્તરે ક્રુડ અને ક્રુડની તેજી ફુગાવાનું દબાણ વધારે, વ્યાજદર વધે અને શેરબજારોની તેજીને બ્રેક મારી શકે.

અખાતમાં હોરમુઝ બ્લોકેડ ઓઇલ પરિવહનમાં વિક્ષેપ કરે છે. રશિયા જો કીર્ચ સ્ટ્રેઇટ રશિયા-યુક્રેનનો જળમાર્ગ બંધ કરે તો યુરોપને વાયા યુક્રેન જે અનાજ મળે છે તે અટકે. યુરોપમાં ઘઉ વાયદો અવે રાયડા વાયદામાં તોફી તેજી થઇ ગઇ છે. એશિયા-યુરોપ વચ્ચેનો જળમાર્ગ સુએઝ- રેડ સી લાંબા સમયથી ડિસરપ્ટેડ છે. ક્રુડ બજારની તેજીને જો પ્રોડક્ટ માર્કેટસ એટલે કે ડિઝલ, નેપ્થા, બંકર ફ્યુલ, ગેસોલીન જેવી એન્ડ પ્રોડક્ટથી સમજીએ તો ૨૦૨૬ની ક્રુડની તેજી ફંડામેન્ટલની રીતે ઘણી નક્કર છે. જો બે-ત્રણ મહીનામાં યુધ્ધવિરામ ન થાય તો ક્રુડઓઇલ આવનારા ૫-૬ માસમાં ૧૩૦-૧૫૦ ડોલરની સપાટી વટાવી શકે. અલ નીનો- હીટવેવના ખતરાને કારણે ભારત-યુરોપમાં તેલીબીયાં-અનાડના પાક પર પ્રતિકૂળ અસર હોઇ તેમજ ભારતમાં ૧૫ જૂલાઇ સુધીમાં અંદાજે ૨૩ ટકા જેવી મોટી વરસાદી ખાધ હોવી મગફળી-કપાસ-સોયાબીન-શેરડી અને મકાઇ જેવા પાકોના ઉત્પાદન-ઉતારા પર સંકટના વાદળો દેખાય છે. સોયાબીન-મગફળી-સરસવ-કપાસીયા અને એરંડા- પાંચેય મુખ્ય રોકડીયા તેલીબીયાં પાકોમાં નીચા સ્ટોક લેવલ તેમજ અલ નીનોના વેધર પ્રિમિયમને કારણે ઝંઝાવાતી તેજી છે. હળદર-ખાંડ-રબર જેવા વોટર ઇન્ટેન્સીવ પાકોમાં પણ વિક્રમી તેજી છે. ક્રુડની તેજીથી બાયોફ્યુલ મેન્ડેટમાં સોયા- સરસવ જેવા તેલોની માગ વધતા અમેરિકામાં પણ સોયાતેલમાં પુરવઠા સામે માગ ઘણી

બિરેન વકીલ

વધુ હોઇ ધીમી પણ સંગીન તેજી ચાલુ રહી છે. ગવાર- રૂ બજારમાં પણ તેજીનો ચમકારો છે.

અમેરિકાએ ઇરાન પર આક્રમક હુમલાઓ શરુ કર્યા પછી ઇરાન ઇસ પાર કે ઉસ પાર લડી લેવાના મૂડમાં આવી ગયું છે. બીજી બાજુ યુક્રેને રશિયાની ઓઇલ રિફાઇનરીઓ અને ઓઇલ ટેન્કરો પર હુલા વધુ તેજ બનાવ્યા છે. રશિયા વળતા જવાબમાં યુક્રેનના પોર્ટ, અનાજ ગોદામ પર એટેક કરે છે. યુધ્ધવિરામ પડી ભાંગતા નાયમેક્સ ક્રુડ ૬૬ ડોલરના બોટમથી ઉછળી ૮૨ ડોલર આવી ગયું છે. બ્રેન્ટ ૮૮ ડોલર થઇ ગયું છે. બ્રેન્ટ ૯૨ ડોલર વટાવાતા ફરી એક વાર ૧૦૫-૧૧૦ અને વધઘટે ૧૧૭-૧૨૩ ડોલર થવાની શક્યતા ફિબોનાસી અને ઇલીયટ વેવ જોતા દેખાય છે.

બેઝ મેટલ્સમાં બજારો રેન્જ બાઉન્ડ છે. ચીનમાં સ્લોડાઉન અને યુરોપમાં સ્ટેગફ્લેશન વચ્ચે માગ સુસ્ત છે. મીડલ ઇસ્ટમાં નવેસરથી તનાવ એલ્યુમિનિયમ, ખાતર, પેટ્રોપેદાશોના ભાવમાં નવી તેજી કરી શકે છે. સોનાચાંદીમાં ધીમો ઘસારો છે. એમસીએક્સ સોનું ૧૩૭૦૦૦-૧૪૫૦૦૦ અને ચાંદી ૨.૧૦-૨.૩૦ની રેન્જમાં દેખાય છે.

યુએસ અને ઈરાન વચ્ચે સંઘર્ષ ગંભીર બન્યો, તેજીનો વેપાર કરતા સાવચેત રહેવું

અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ વધુ ગંભીર બન્યું છે અને બંને દેશો એકબીજાને મારવા પર ઉતર્યા છે. જેમાં ઈરાને સીધી ચેતવણી ટ્રમ્પ અને તેના પરિવારને આપી છે અને બદલો લેવાની જાહેરાત કરી છે. જેનાથી અમેરિકા વિફર્યુ હતું અને ઈરાન પર હુમલો કર્યો છે. બીજી તરફ, ચીન અને રશિયા તથા ઉત્તર કોરિયાના હથિયારો ઉતરી રહ્યા હોવાના અહેવાલ છે. જેના લીધે અમેરિકાને ઈરાનની રેલવે ટ્રેકને ઉડાવી દીધો હતો, પણ ઈરાને કલાકોમાં જ તેને રિપેર કરી દીધી હતી.

ઈરાન-અમેરિકા યુદ્ધ વિરામ પડી ભાંગ્યા બાદ વૈશ્વિક વેપાર થંભી જવાની ભીતિ અ વિશ્વ જાણે કે ત્રણ ફાટામાં વહેંચાઈ ગયું હોય એમ અનિશ્ચિતતાનો દોર અનેક દેશોને અકળાવી રહ્યો છે. યુદ્ધના નામે વિશ્વની મહાસત્તાઓના આકાઓ જાણે વૈશ્વિક કોમોડિટી, ક્રિપ્ટો કરન્સી, ઈક્વિટી માર્કેટમાં મોટી ઉથલાપાથલ મચાવીને ઘર ભરી રહ્યા હોય એવી સ્થિતિએ ઘણા દેશોના ઉદ્યોજકો,

બેન્કીગ સેકટરમાં પરિણામો અપેક્ષા કરતા સારા રહેતા બેન્ક-ફાઈનાન્સીયલ શેરો ઉછળ્યા

અર્થતંત્રના ઘડવૈયાઓને વિમાસણમાં મુકી દીધા છે. ભારતમાં અત્યારની પરિસ્થિતિ અસહ્ય મોંઘવારીમાં પ્રજાએ પીસીઈ જવું પડે તેમ છે. પ્રજા મોંઘવારી અને બેરોજગારીની વધતી સમસ્યાથી ત્રસ્ત થઈ છે, ત્યારે આ પરિસ્થિતિ આગામી દિવસોમાં કેવું વિકરાળ સ્વરૂપ ધારણ કરશે, એનાથી સમીક્ષકો અને અર્થશાસ્ત્રીઓ ચિંતિત છે. જીયો પોલીટીકલ ટેન્શનથી ક્રુડ ઓઈલના ભાવ ફરી બળકે બળવા લાગતા વૈશ્વિક બજારોમાં પાછળા અઠવાડિયામાં મોટી ખાનાખરાબી જવાઈ છે. જ્યારે ભારતના બજારોમાં તેજીનો ટ્રેન્ડ જોવાઈ રહ્યો છે, પણ આ માહોલથી વિરૂદ્ધ છે, તેથી આવનારા સમયમાં મોટો ઘટાડો થઈ શકે છે.

ખાસ કરીને પ્રાયમરી બજારમાં મોટો આઈપીઓ એસબીઆઈ ફંડસનો આવ્યો હતો, અને હવે એનએસઈ અને જિયો પ્લેટફોર્મ્સના જાયજેન્ટીક આઈપીઓને છલકાવવા માટેની તૈયારી થઈ રહી હોય એમ અત્યાર સેકેન્ડરી માર્કેટમાં તેજી કરીને બજારને ટકાવી રાખવામાં આવી રહ્યું હોય એવું જોવાઈ રહ્યું છે. શેરોમાં તેજી કેટલાક ક્ષેત્રિય ઉધ્યોગોના ફ્રન્ટલાઈન શેરોમાં તેજી થકી બજારના સેન્ટીમેન્ટને ફુલગુલાબી કરવાનો અને કાણકારોની મુડી ફરી બજારમાં તાણી લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેથી અત્યારે તેજીના વેપારમાં હાલ તુરત સાવચેતી રાખવી જરૂરી છે.

એઆઈ બબલ ફુટવાની ચર્ચા શરૂ થઈ છે અને કંપનીઓ એઆઈના ખર્ચ ખૂબ જ વધી રહ્યો છે, તેનાથી કંપનીઓ બેક્ફૂટ આવી રહી છે, જે દર્શાવે છે કે આવનારા સમયમાં ફરીથી આઈટી-ટેકનોલોજીની કંપનીઓની માગ વધશે, એઆઈ ચાલશે, પણ મર્યાદિત ઉપયોગ થઈ શકે. જેના લીધે આવનારા દિવસોમાં આઈટી શેરોમાં તેજીનો સળવળાટ શરૂ થઈ ગયો છે. એમ પણ વેલ્યુએશન ઓછું છે, તેને જોતાં આવનારા સમયમાં એફઆઈઆઈ-ફંડો સહિત રોકાણકારો માટે આઈટી-ટેકનોલોજી શેરોનું આકર્ષણ બની રહેશે.

અત્યારસુધી બજારમાં તેજી આગળ વધવાનો સેંત મળી રહ્યો છે, પરંતુ હવે આ તેજી છેતરામણી બની રહેવાની અને ટુંકાગાળા બાદ બજાર ફરી ફસકી પડીને રિવર્શ ચાલ બતાવે તો નવાઈ ન પામશો. રિલાયન્સના રિઝલ્ટ બાદ ખાનગી બેન્કોના પણ પરિણામો અપેક્ષા કરતા સારા આવ્યા છે. જેથી આગામી સપ્તાહમાં રિલાયન્સ તથા

માર્કેટ વોચ

ફાઈન્સીયલ તથા પ્રાઈવેટ બેન્ક શેરોમાં સુધારાની ચાલ જોવા મળી શકે, પણ આ ઉછાળો કેટલો સમય ટકે છે તે જોવાનું રહેશે.

વૈશ્વિક અર્થતંત્ર અત્યારે અસાધારણ અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છએ. અમેરિકા ક્યારે યુદ્ધની વાત તો ક્યારેક ટેરિફનું શસ્ત્ર ઉગામીને ભારત, ચીન સહિતના દેશો પર ભીંસ વધારીને રશિયાના અર્થતંત્રને બરકાર કરવાના પ્રયાસો કરી રહ્યું છે. યુક્રેનનને દારૂગોળો પુરો પાડીને અમેરિકા અત્યારે એક કાંકરે અનેકને ઘાયલ કરી રહ્યા છે, જેથી નજીકના સમયગાળામાં વૈશ્વિક અનિશ્ચિતતાનો અંત નહીં આવે. જે હજુય લાંબા ગાળા માટે શેરબજારમાં ઉથલપાથલ જોવા મળી છે.

AIના કારણે ઘણા યુવા અબજપતિઓ અસ્તિત્વમાં આવ્યા

આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ(AI)ના મોરચે સાપ-સીડીની રમત આકાર લઈ રહી છે. એક તરફ, AI ઓટોમેશન નોકરીઓના પદો છીનવી રહ્યું છે અને રોજગાર ઘટાડી રહ્યું છે. બીજી તરફ, આ જ અદ્યતન ટેક્નોલોજીના વર્ચસ્વે નેટવર્થમાં આશ્ચર્યજનક ઉછાળો આણ્યો છે, જેના કારણે તેની સાથે જોડાયેલા યુવા નામો અબજોપતિ અને ક્રોડપતિ બની રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં થયેલા એક વિશ્લેષણ અનુસાર, અત્યાર સુધીના ઇતિહાસમાં સૌથી વધુ સંખ્યામાં જેન ઝી (Gen Z) અબજોપતિઓ જોવા મળ્યા છે. ફોર્બ્સની તાજેતરની વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૩૦ વર્ષની ઉમર વટાવતા પહેલાં જ રેકોર્ડબ્રેક ૩૫ લોકોએ દસ આંકડાની સંપત્તિ હાંસલ કરી લીધી છે. આ ઉપરાંત, તેમાંથી ઓલ-ટાઇમ હાઇ ૧૨ લોકો સેલ્ફ-મેડ(પોતાની મહેનતથી બનેલા) છે.

આ વર્ષની શરૂઆતમાં થયેલા એક વિશ્લેષણ અનુસાર, અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધુ સંખ્યામાં જેન ઝી અબજોપતિઓ જોવા મળ્યા છે. ફોર્બ્સની તાજેતરની વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૩૦ વર્ષની ઉંમર વટાવતા પહેલાં જ રેકોર્ડબ્રેક ૩૫ લોકોએ દસ આંકડાની સંપત્તિ હાંસલ કરી લીધી છે

બેંક ઓફ અમેરિકાના સંશોધકો દ્વારા પ્રકાશિત અન્ય એક અહેવાલમાં એવી આગાહી કરવામાં આવી છે કે જેન ઝી અર્થતંત્ર, બજારો અને સામાજિક વ્યવસ્થાઓ માટે "સૌથી વધુ પરિવર્તનકારી (ડિસ્રપ્ટિવ) પેઢીઓમાંથી એક" સાબિત થઈ શકે છે. એવો પણ અંદાજ છે કે ૧૯૯૭ અને ૨૦૧૨ ની વચ્ચે જન્મેલા લોકો ૨૦૩૫ સુધીમાં સૌથી ધનિક બનવા જઈ રહ્યા છે, કારણ કે તેઓ આગામી આશરે પાંચ વર્ષમાં અંદાજે $૩૬ ટ્રિલિયન અને ૨૦૪૦ સુધીમાં આશરે $૭૪ ટ્રિલિયનથી વધુ સંપત્તિ એકત્ર કરવા માટે તૈયાર છે. સામાન્ય ગેરમાન્યતાઓ ૧૯૯૭ અને ૨૦૧૨ ની વચ્ચે જન્મેલા લોકો (જે જેન ઝી તરીકે ઓળખાય છે) ને આળસુ, નોકરી પ્રત્યે વફાદાર ન હોવા વગેરે જેવા ચિત્રમાં દર્શાવવાનું ચાલુ રાખે છે. જો કે, આ નવા AI અબજોપતિઓ આ

વાત સાથે અસંમત છે, જેમાં ભારતીય મૂળના અમન સંગરનો પણ સમાવેશ થાય છે. ૨૫ વર્ષના અમન સંગરે શરૂ કરેલા AI સ્ટાર્ટઅપને તાજેતરમાં ઇલોન મસ્કની સ્પેસએક્સ કંપનીએ $૬૦ બિલિયનની ડીલમાં હસ્તગત કર્યું છે.

સંગર અને કર્સરની વાર્તા એ વાતની સાબિતી છે કે AI એ ઘણા સાહસિકોને અબજોપતિ બનવા તરફની સફર કેટલી ઝડપી બનાવી

ગ્લોબલ બઝ

દીધી છે, જ્યારે અગ્રણી ટેક દિગ્ગજોને ત્યાં સુધી પહોંચવા માટે વર્ષો સુધી રાહ જોવી પડી હતી. AI કોડિંગ સ્ટાર્ટઅપ કર્સરની સ્થાપના ૨૦૨૨ માં MIT ના ચાર વિદ્યાર્થીઓ - માઇકલ ટ્રુઅલ, સુઆલેહ આસિફ, અમન સંગર અને આર્વિડ લુનેમાર્ક - દ્વારા કરવામાં આવી હતી. આ જેન ઝી ચોકડીએ ૨૦૨૫ ના અંતમાં અબજોપતિઓની યાદીમાં પ્રવેશ કર્યો જ્યારે ફંડિંગ રાઉન્ડમાં તેમની કંપનીનું મૂલ્યાંકન $૨૭ બિલિયન થયું હતું. તાજેતરમાં સ્પેસએક્સ દ્વારા કર્સરની પેરન્ટ કંપની 'એનિસ્ફિયર'ના $૬૦ બિલિયનના સંપાદનને કારણે આ ચાર યુવા અબજોપતિ સહ-સ્થાપકોની નેટ વર્થ બમણી થઈ ગઈ છે. સ્પેસ જાયન્ટ સ્પેસએક્સના ૧૨ જૂનના બ્લોકબસ્ટર આઈપીઓ પછી આ ડીલ થઈ હતી.

તેમની કંપનીના રેકોર્ડબ્રેક નાસ્ડેક પદાર્પણને કારણે તેઓ હવે વિશ્વના પ્રથમ અને એકમાત્ર ટ્રિલિયોનર બની ગયા છે. પરંતુ તેમ છતાં, મસ્કનો પોતાનો અબજોપતિ બનવાનો પ્રવાસ પણ આજના મોટાભાગના જેન ઝી AI અબજોપતિઓ જેટલો ઝડપી નહોતો. સ્પેસએક્સના આઈપીઓ પછીની દુનિયામાં, કર્સરની પેરન્ટ કંપની એનિસ્ફિયરના $૬૧૦ બિલિયનના હસ્તાંતરણથી MIT ના ચાર વિદ્યાર્થીઓને મોટી સંપત્તિનો મોટો ઉછાળો મળ્યો છે, જેનાથી તેમની નેટ વર્થ પ્રત્યેક વ્યક્તિ દીઠ આશરે $૨.૭ બિલિયન થઈ ગઈ છે. તેમની મુખ્ય પ્રોડક્ટ 'કર્સર', જે હવે AI કોડિંગ એજન્ટ્સ બનાવવા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતું સાધન છે, તે ઘણી ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ અને લાખો ડેવલપર્સ દ્વારા અપનાવવામાં આવ્યું છે. ખાનગી કંપનીઓ પર નજર રાખતી ફર્મ પિચબુકના સિનિયર એનાલિસ્ટ ફ્રેન્કો ગ્રાન્ડાએ જણાવ્યું હતું કે, આ પ્રકારનો મજબૂત યુઝર બેઝ એવી વસ્તુ છે જેને સામાન્ય રીતે પૈસાથી ઝડપથી ખરીદી શકાતી નથી. તેમણે ઉમેર્યું કે કોડ એડિટ કરવા માટેનું તેમનું AI-બેક્ડ પ્લેટફોર્મ સૌથી ઝડપથી વિકસતા સોફ્ટવેર પ્રોડક્ટ્સમાંથી એક છે, તેમ ધ સેન ફ્રાન્સિસ્કો સ્ટાન્ડર્ડ જણાવે છે.

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત

ધમાલ - 4
૧૧.૧૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૪.૪૫, ૬.૦૦, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
The Odyssey
2D હિન્દી : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, રાત્રે : ૧૦.૦૦

APPLE CINEMA
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વી